# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ખેડુત દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા નેશનલ મિશન ઓન ઓઇલસીડ એન્ડ ઓઇલપામ અંતર્ગત તેલીબિયા પાક નિદર્શનમાં આપેલ દિવેલાની જીસીએચ. -૭ જાતના નિદર્શન અન્વયે તા.૧૪.૩.૨૦૧૮ ના રોજ ઇસરામા ગામ ખાતે ખેડુતના ખેતરે નિદર્શન પ્લોટમાં ખેડુત દિન યોજવામાં આવેલ જેમાં આજુબાજુના દિવેલાની ખેતી કરતા ખેડુત ભાઇઓને દિવેલાની જીસીએચ. -૭ જાતની ખાસીયતો અને ઉત્પાદન વધારવા માટેના ખાસ મુદ્દા પરત્વે કે.વિ.કે.ના વૈજ્ઞાનિકો દ્વારા માહિતગાર કરી જીસીએચ. -૭ દિવેલાજાતનું તાદ્રશ્ય નિદર્શન બતાવેલ અને તેલીબિયા પાકોમાં સલ્ફર ખાતરના વપરાશ માટે અને તેના મહત્વ વિશે સમજ આપી તેમજ દિવેલામાં આવતા સુકારાના રોગ અને જીવાતના નિયંત્રણ માટે જૈવિક દવાઓનો વપરાશ વધારવા માટે ખેડૂતોને માર્ગદર્શન અને વધુ ઉત્પાદન મેળવવા માટે પ્રેરણા પુરી પાડેલ.





